રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨૭૨ કેસ, ૧૪ના મૃત્યુ

રાજ્યમાં ૧૫૦૭૨ હાલ એક્ટિવ કેસ : છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧૪૫ અને અમદાવાદ જીલ્લામાં ૨૩ કેસ : કુલ મૃત્યુઆંક ૨૯૭૮

ગાંધીનગર,તા.૨૪

રાજ્યમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો હવે ૧૫૦૦૦ પાર થયો છે. ગુજરાતમાં પણ કોરોનાનો પ્રકોપ વધતાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૭૨ કેસ સામે આવતા હવે કોરોનાનો કુલ આંકડો પણ ૯૨૬૦૧એ પહોંચ્યો છે. જ્યારે રાજ્યમાં પ્રતિદિન ટેસ્ટની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યભરમાં ૭૫,૮૦૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતાં. જેથી કુલ ટેસ્ટની સંખ્યા પણ ૨૧ લાખ પાર થઈ છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૭૫,૮૦૦ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૨૧,૨૧,૭૫૧ થયો છે. રાજ્યમાં ૧૨૭૨ નવા દર્દીઓ સામે ૧૦૫૦ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૭૪૫૫૧એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૧૧૬૬.૧૫ ટેસ્ટ થાય છે તો રિકવરી રેટ પણ ૮૦.૫૧% પહોંચ્યો છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪,૯૧,૬૬૧ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૪,૯૧,૧૪૭ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૫૧૪ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૫૦૭૨ એક્ટિવ કેસ છે. જેમાંથી ૮૬ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૪૯૮૬ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. જેથી છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટ તેમજ સુરતમાં ૧-૧, અમદાવાદ કોર્પોરેશનમાં ૫, રાજકોટ કોર્પોરેશન અને વડોદરામાં ૧-૧, સુરત કોર્પોરેશનમાં ૨, અમરેલી અને ગીર સોમનાથમાં ૧-૧ અને વડોદરા કોર્પોરેશનમાં પણ ૧ એમ કુલ ૧૪ મોત નોંધાતા હવે કુલ મૃત્યુઆંક પણ ૨૯૭૮ થયો છે.

ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલના ડોક્ટરે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

ખેડબ્રહ્મા ખાતે આવેલ જનરલ હોસ્પિટલમાં વર્ગ ૧ ના ડોક્ટર રોહિતકુમાર પી ચૌહાણે ફરજ દરમ્યાન ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હતું

ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં છેલ્લા આઠ વર્ષથી વર્ગ ૧ મા જનરલ સર્જન તરીકે ફરજ બજાવતા રોહિતકુમાર પી ચૌહાણ ઉમર વર્ષ ૩૬ શુક્રવારના રોજ બપોર બાદ પોતાના ઓપીડી કેબિનમાં પંખા પર દોરી બાંધી જીવન ટૂંકાવી દીધું હતું

જનરલ હોસ્પિટલના વર્ગ-૧ના સર્જન રોહિતકુમાર ચૌહાણે ઈડર ખાતે રહી ખેડબ્રહ્મા ખાતે અપડાઉન કરતા હતા ડો. રોહિતભાઈ એ શુક્રવારે બપોર બાદ પોતાની ઓપીડી કેબિનમાં હતા ત્યારે નિયમિત મળતા અન્ય ડૉક્ટર અને મેડિકલ સ્ટાફ તેમની કેબિનમાં જવા આવ્યા હતા ત્યારે ગના લાંબા સમય સુધી કેબીન ના ખુલતા કાંઈક અજુગતું હોવાનું લાગતા કેબીન નો દરવાજો તોડી અંદર જોતા ડો. રોહિતકુમાર ચૌહાણ પ્લાસ્ટિકની દોરીથી પંખા ઉપર લટકેલ હાલતમાં મળી આવ્યા હતા જેથી તેમને ઉતારી સારવાર આપવાની ચાલુ કરી હતી પણ મૃત્યુ પામ્યા હતા.

ડો રોહિતકુમાર ચૌહાણના ૨૦૧૩ મા હિમતનગર જનરલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો. ફાલ્ગુનીબેન ચાવડા સાથે લગ્ન થયા હતા જેમને હાલ બે બાળકો છે. ડો રોહિત ચૌહાણ મિલનસર સ્વભાવના કારણે ખેડબ્રહ્મા તાલુકામાં સારી નામના મેળવી હતી દરેક વ્યક્તિ સાથે પ્રેમભર્યા વરતાવથી થોડા સમયમાં જ નાની ઉંમરે લોકચાહના મેળવી હતી પરંતુ કયા કારણસર આત્મહત્યા કરી તે શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે. પોલીસે ડોકટરના પરિવારને જાણ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ટાટા મોટર્સની પેસેન્જર વ્હિકલ્સની રેન્જમાંથી

ભારતની સૌથી સુરક્ષિત કારમાંથી તમારી લોકપ્રિય કારને ઘરે લઈ જાઓ

ભારતની અગ્રણી ઓટો બ્રાન્ડ ટાટા મોટર્સ તેના ગાંધીનગરના ડીલર ભાગીદાર હરસોલીયા બ્રધર્સ સાથે મળીને દેશમાં સૌથી સુરક્ષિત કારની રેન્જ પર હાથ અજમાવવા માટે ગ્રાહકોને આમંત્રણ આપી રહી છે. ઓફર્સના અનેક સુંદર પેકેજના મિશ્રણથી, ટાટા મોટર્સના પેસેન્જર વ્હિકલ્સની નવી ફોરએવર રેન્જમાં હેચબેક, સેડાન અને એસયુવી જેમ કે – અલ્ટ્રોઝ, ટિયાગો, હેરિયર અને નેક્સોનનો સમાવેશ થાય છે. સેગમેન્ટ ફીચર્સમાં સર્વશ્રેષ્ઠ આ નવી મ્જીૃ રેન્જની કાર વૈશ્વિક કક્ષાની ડિઝાઈન, સુરક્ષા અને ડ્રાઈવીંગ આનંદ દરેક ઓફર કરે છે. પ્રવર્તમાન પરિસ્થિતિમાં દરેક માટે અંગત મોબિલીટીને આગળ ધપાવતા ટાટા મોટર્સે અસંખ્ય આકર્ષક ઓફર્સ રજૂ કરી છે જેમાં સરળ ધિરાણ, પોસાય તેવા ઈએમઆઈ, લાંબા ગાળાની લોન્સ અને હેલ્થકેર, જાહેર અને આવશ્યક સેવાઓના આગવા વર્કર્સ માટેની ખાસ ઓફર્સનો સમાવેશ થાય છે.

પોતાના ગ્રાહકોને આ કસોટીરૂપ સમયમાં ટેકો આપતા કંપનીએ વિવિધ સરળ ચૂકવણી યોજનાઓ પણ રજૂ કરી છે જેમાં ગ્રાહકો સંખ્યાબંધ ધિરાણ વિકલ્પોમાંથી પસંદગી કરી શકે છે અને પ્રત્યેક લાખ દીઠ રૂ. ૮૯૯ જેટલા નીચા ઈએમઆઈ (યોજના વિકલ્પ અને પ્રોડક્ટ વેરિયાંટ પર આધારિત)★માંથી પસંદગી કરી શકે છે. આ પ્રત્યેક યોજનામાં ગ્રાહકો પ્રારંભમાં નીચા ઈએમઆઈ ચૂકવી શકશે, જે બાદમાં સમયગાળા દરમિયાન વધશે. વધુમાં વિવિધ ધિરાણકર્તાઓ સાથેના તેના જોડાણ મારફતે ટાટા મોટર્સ પસંદગીની પ્રોડક્ટ પર ૯૬ મહિનાનો મહત્તમ સમયગાળો પણ ઓફર કરી રહી છે.

પોલીસ કોન્સ્ટેબલની આત્મહત્યાથી પરિવાર હતભ્રત

ભિલોડાના બાવળીયા ગામે ઘર પાછળ આંબાના ઝાડ સાથે લટકેલ પોલીસકર્મીનો મૃતદેહ મળ્યો

છેલ્લા કેટલાક વર્ષોથી પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની આત્મ હત્યાના બનાવોમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે હિંમતનગર ખાતે પોલીસ કોન્સ્ટેબલની ટ્રેનિંગ લઈ રહેલા અને અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના બાવળીયા ગામના ૩૧ વર્ષીય પોલીસ કોન્સ્ટેબલની લાશ તેના વતનમાં ઘર પાછળ રહેલા આંબાના ઝાડ સાથે ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવતા મૃતક યુવકના પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા મૃતક યુવકની પત્ની ઈડર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી ભિલોડા પોલીસે મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

પત્ની ઈડર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે ત્યારે હિંમતનગર ખાતે ટ્રેનિંગ લઈ રહેલા યુવકે અગમ્ય કારણોસર વતન બાવળીયા પહોંચી તેના ઘર પાછળ રહેલા આંબાના ઝાડ સાથે દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી મૃતક યુવકના પરિવારજનોએ હિંમતનગર પોલીસ કોન્સ્ટેબલ તરીકે ટ્રેનિંગ લઈ રહેલ પુત્રની લાશ ગળેફાંસો ખાધેલી હાલતમાં જોતા જ હતભ્રત બની ગયા હતા અને આઘાતમાં સરી પડ્યા હતા આ ઘટનાની જાણ ભિલોડા પોલીસને કરતા તાબડતોડ ભિલોડા પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી મૃતક પોલીસ કર્મચારીના પિતાની ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મૃતક યુવકની હત્યા કે આત્મહત્યા સહીત અનેક ચર્ચાઓએ સમગ્ર પંથકમાં જોર પકડ્યું છે મૃતક પોલીસ કોન્સ્ટેબલ પાસેથી કોઈ પણ પ્રકારની સુસાઈડ નોટ મળી આવી ન આવી હોવાનું ભિલોડા પોલીસ સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી.

ભિલોડા તાલુકાના બાવળીયા ગામે રહેતા સંદેશ કુમાર વકસીભાઈ જોષીયારા નામનો યુવક પોલીસ કોન્સ્ટેબલની પરીક્ષામાં પાસ થતા હાલ હિંમતનગર ખાતે ટ્રેનિંગ ચાલી રહી હતી યુવકની

હિંમતનગર પોલીસ કોન્સ્ટેબલ તરીકે ટ્રેનિંગ લઈ રહેલ સંદેશ જોષીયારાની લાશ ઘર પાછળ રહેલા આંબાના ઝાડની ડાળી સાથે લટકતી હાલતમાં મળી આવતા તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે મૃતક યુવકના પરિવારજનો પણ સંદેશનું આત્મહત્યા કરવાનું કોઈ કારણ ખબર પડતી નથી હાલ તો મૃતક પોલીસકર્મીના મોતથી સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ હતી.

યુનિવર્સિટીઓ નવી શિક્ષણ નીતિ સમિતિની રચના કરે

નવી દિશામાં આગળ વધવા કુલપતિઓ સાથે શિક્ષણ મંત્રી ચુડાસમાએ ગાંધીનગર ખાતે ઓનલાઇન બેઠક યોજી હતી

ગાંધીનગર,તા.૨૮

શિક્ષણ અને વ્યક્તિત્વ નિર્માણ ના સંદર્ભમાં સ્પષ્ટ દિશાનિર્દેશ કરતી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જ્યારે જાહેર થઈ ચૂકી છે, તેને ભારત સરકારની વિધિવત મંજૂરી પણ મળી ગઈ છે, ત્યારે આ શિક્ષણ નીતિના અમલીકરણ માટે સ્પષ્ટ કાર્ય રચના ઘડી કાઢવા શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓને આહવાન કર્યું છે. આ માટે યુનિવર્સિટીઓ ઝડપભેર નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ માટે યુનિવર્સિટી નવી શિક્ષણ નીતિ અમલીકરણ સમિતિની રચના કરીને તેના અમલીકરણનો રોડમેપ તૈયાર કરે. આજે ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ઓનલાઈન બેઠક યોજીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સંદર્ભમાં તેના પરિણામલક્ષી અમલ માટે યુનિવર્સિટીઓના કુલપતિઓ સાથે વિચાર વિમર્શ કર્યો હતો. આ બેઠકમાં ચુડાસમાએ જણાવ્યું હતું કે દરેક યુનિવર્સિટી રાષ્ટ્રીય નવી શિક્ષણ નીતિના અમલ માટે નવી શિક્ષણ નીતિ અમલીકરણ સમિતિની રચના કરે આ ઉપરાંત દરેક યુનિવર્સિટી નવી શિક્ષણ નીતિના જેટલા પણ ચેપ્ટર છે તે ચેપ્ટર દીઠ એક અભ્યાસ કમિટીની પણ રચના કરે. આ રીતે રાજ્યમાં નવી શિક્ષણ નીતિનો ઝડપભેર અમલ થાય તે દિશામાં આગળ વધવા આયોજન કરે.

ચુડાસમાએ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણને પરિણામ લક્ષી બનાવવા ઓનલાઈન વર્કશોપનું આયોજન કરવા પણ આ બેઠકમાં જણાવ્યું હતું. નવી શિક્ષણ નીતિના સંદર્ભમાં હવે વિચાર નહીં પરંતુ અમલીકરણનો સમય છે ત્યારે આપણે સૌએ એ દિશામાં આગળ વધવુ પડશે, તેમ જણાવી શિક્ષણ મંત્રીએ ઉમેર્યું હતું કે આ શિક્ષણ નીતિમાં માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણનો સમગ્રતયા વિચાર કર્યો છે. પ્રાથમિક શિક્ષણની સાથે ઉચ્ચતર શિક્ષણનો પણ વિચાર કરાયો છે ત્યારે આ શિક્ષણનીતિનો અભ્યાસ કરી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તેવું આયોજન છે. આ બેઠકમાં શિક્ષણ રાજ્યમંત્રી વિભાવરી બહેન દવેએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ અગાઉની શિક્ષણ નીતિમાં સુધારો દર્શાવતી નીતિ નથી પરંતુ વિદ્યાર્થીમાં રાષ્ટ્રીયતા નો સંચાર થાય તેનો દિશા નિર્દેશ કરતી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ છે. જ્ઞાન વૈશ્વિક હોઈ શકે પણ શિક્ષણ તો રાષ્ટ્રીય હોવું જોઈએ અને તે ધ્યાનમાં રાખીને શિક્ષણ નીતિ તૈયાર કરવામાં આવી છે. આજનો વિદ્યાર્થી કઈ રીતે આદર્શ નાગરિક બની શકે અને તેને માટે સક્ષમતા હાંસલ કરી શકે તેનો વિચાર પણ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કરવામાં આવ્યો છે. હવે તેનું સ્પષ્ટ આયોજન સાથે અમલ થાય તે દિશામાં આપણે સૌ આગળ વધવું પડશે.

પાલનપુરના ચડોતરથી ગઢ વચ્ચેના માર્ગ ઉપર ગાબડાં પડતાં વાહનચાલકો ત્રસ્ત

પાલનપુરના ચડોતરથી ગઢ વચ્ચેના માર્ગ ઉપર ગાબડાં પડતાં વાહન ચાલકો ત્રસ્ત બન્યા છે. ત્યારે રસ્તાનું સત્વરે સમારકામ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

પાલનપુર તાલુકાના ચડોતરથી ગઢ સુધીનો રોડ તૂટી ગયેલ છે. ઠેર ઠેર મોટા મોટા ખાડા પડી ગયેલ છે. અને અધૂરામાં પૂરું ચડોતર ફાટક પાસે તો દિવસ દરમિયાન કેટલાય બાઈક સવાર નીચે પડે છે. ફાટક પાસે કોન્ટ્રાકટર દ્વારા ડાઈવર્ઝન હોર્ડિંગ માર્યુ છે. પણ કામ બંધ છે. ત્યાં રોડ ઉપર પાટિયા આડા મુક્યા છે. અને રોડ બંને સાઈડ વાહનો અવર જવર માટે છે. આ રોડની બંને સાઈડ મોટા ખાડા પડ્યા છે. અંદર ચોમાસાનું પાણી ભરાતા બધા જ વાહન ચાલકો મુશ્કેલી વેઠી રહ્યા છે.ગઢ થી ચડોતર આવવા માટે દરેક વાહનચાલકોને ડિસ્કો કરતા કરતા આવવું પડે તેવી નોબત આવી છે. ચડોતર પુલ નીચે પણ મોટા ખાડા અકસ્માત ની રાહ જોઈને બેઠા છે.ગઢ રોડ માટે ગઢ સરપંચ દ્વારા પણ જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ માં આ બાબતે રજુઆત કરી સત્વરે રોડનું રીપેરીંગ કામ ચાલુ થાય તેવી રજૂઆતો કરેલ છે.હાલના સમયમાં પ્રજાને આરોગ્ય સેવા માટે અથવા કોઈ બહેન દીકરી ને ડિલવરી પ્રસંગે પાલનપુર જવુંહોય તો તે આવા ખાડા પસાર કરતા વધુ પીડાઓ વેઠવી પડે તેમ છે. ત્યારે રસ્તાનું સત્વરે સમારકામ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

અરવલ્લી જિલ્લામાં બેલ્યો-૧ પ્રાથમિક શાળાના શિક્ષકની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી

મોડાસા, તા. ૨૮

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે ૫ મી સપ્ટેમ્બર ના રોજ શ્રેષ્ઠ શિક્ષકો પસંદ કરી વિવિધ સ્તરે પારિતોષિક આપવામાં આવે છે તે અનુસંધાને અરવલ્લી જિલ્લાનો છેવાડાનો વિસ્તાર તેમજ બીજી રીતે કહીએ તો જિલ્લાની સરહદ પર આવેલ મેઘરજ તાલુકાની બેલ્યો-૧ પ્રાથમિક શાળાના શિક્ષક વિનોદભાઈ જી. પંડ્યાની જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થતાં સમગ્ર વિસ્તારમાં આનંદની લાગણી છવાઈ છે. પ્રવર્તમાન સમયમાં જિલ્લા અને તાલુકાના છેવાડાના ગામોમાં પણ પ્રાથમિક શાળામાં શિક્ષકો પૂરા મનથી કામ કરી રહ્યા છે જેને લીધે આંતરિયાળ વિસ્તારોમાં પણ શિક્ષણનો વ્યાપ વધવા લાગ્યો છે તેનું ઉત્તમ ઉદાહરણ બેલ્યો ૧ પ્રાથમિક શાળાના શિક્ષક વિનોદભાઈ જી પંડ્યાએ પૂરું પાડ્યું છે. મૂળ મહિસાગર જિલ્લાના

બામરોડા ગામના વતની વિનોદભાઈ જી પંડ્યા, મેઘરજ તાલુકાની બેલ્યો ૧ પ્રાથમિક શાળામાં ફરજ બજાવે છે. શિક્ષક તરીકેના ૨૮ વર્ષના નોકરીના સમય ગાળા દરમિયાન તેઓની નોકરી પ્રત્યેની વફાદારી તેમજ બાળક સાથે બાળક બની શૈક્ષણિક કામગીરી ઉપરાંત વૃક્ષારોપણ, શાળાબાગ, ગણિત વિજ્ઞાન પ્રદર્શન, પ્રવાસ-પર્યટન, વાલી સંમેલન, કાવ્ય લેખન, સભા સંચાલન, બાળમેળા, એસઆર જી સુધીની તજજ્ઞ કામગીરી, લોક સહકાર, લોકભાગીદારી, સહિત અનેક શાળાકીય પ્રવૃતિઓ તેમજ શૈક્ષણિક કામગીરીમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી છે.આંતરિયાળ વિસ્તારની પ્રાથમિક શાળામા કામ કરીને જિલ્લામા શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થતાં શિક્ષક વિનોદભાઈ જી પંડ્યા એ ચાણકય ની પંક્તિ "શિક્ષક કભી સાધારણ નહી હોતા પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદમે હોતે હૈં" તે સાબિત કર્યુ છે. વિનોદભાઈની અરવલ્લી જિલ્લામાં શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થતાં જિલ્લાના શિક્ષકોએ અભિનંદન પાઠવ્યા હતાં.

રાજ્યમંત્રી જાડેજા.... ● છેલ્લા પાનાનું ચાલુ

આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ ગૃહીણીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ખાનગી કંપનીમાં માર્કેટીંગ મેનેજર તરીકે સેવારત અને સે. ૪ માં રહેતા એક ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ યુવાનના પરિવારના ૬ સભ્યોનો હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સેક્ટર-૨૦ માંથી એક ૮૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધ ગૃહીણીને સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ ગૃહીણીના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૭ માં પંચાયત ભવનમાં કૂક તરીકે સેવાઓ આપતા ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૬ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૫ માંથી એક ૭૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ વૃદ્ધના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૭ માં રહેતા અને પેન્શન વિભાગમાં એકાઉન્ટની નોકરી કરતા ૩૪ વર્ષીય યુવાનોન રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ દર્દીના પરિવારના ૩ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૩ માંથી એક ૩૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા અમદાવાદ ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેણીનીને સારવાર માટે એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ તેણીનીના પરિવારના ૪ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સેક્ટર-૨ જે કોરોના માટે સંવેદનશીલ બની ચુક્યુ છે ત્યાંથી આજે વધુ ૨ કેસ મળી આવ્યા છે. સે. ૨ માં રહેતા એક મહિલા એડવોકેટનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા એડવોકેટે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. તંત્રએ પરિવારના ૭ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

દહેગામ ખાતે તેલનો વેપાર કરતા અને સે. ૨ માં રહેતા એક ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાન વેપારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ વેપારીના પરિવારના ૪ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

રાજ્ય સરકાર... ● છેલ્લા પાનાનું ચાલુ

વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાં આજે ગ્રામ્ય વિસ્તારમાંથી પાંચ કેસ અને શહેરી વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં કોરોના માટે હોટસ્પોટ બનેલ બોરીસણા ગામેથી આજે ત્રણ કેસ મળી આવેલ છે. જેમાં એક ૨૮ વર્ષીય યુવાન, ૪૭ વર્ષીય પુરૂષ અને ૩૩ વર્ષીય યુવાનનો સમાવેશ થાય છે.

તાલુકાના ઉષ્માનાબાદ ગામેથી પણ આજે એક ૩૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત નારદીપુર ગામે પણ કોરોનાએ વિરામ લીધા બાદ પુનઃ દસ્તક દીધી છે. નારદીપુર ગામેથી એક ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૨૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ અને અર્બન-૨ વિસ્તારમાંથી ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાંથી અત્યાર સુધીમાં ૧૩૨૬ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે.

જિલ્લામાં હાલ ૧૪૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૬,૩૯૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જેમાં ૧૬૩૭૬ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ, ૩ લોકો સરકારી ફેસીલીટી સેન્ટરમાં અને ૧૪ લોકો પ્રાઈવેટ ફેસીલીટીમાં ક્વોરોન્ટાઈન હેઠળ છે.

વિધાનસભા સત્ર.... ● છેલ્લા પાનાનું ચાલુ

સચિવાલયના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગત સપ્તાહે મળેલી રાજ્ય મંત્રીમંડળમાં આ અંગે પ્રાથમિક વિચારણા કરવા માટેનો મુસદ્દો પણ રજુ થયો હતો અને તે મંત્રીમંડળે વધાવતાં હવે વિભાગે તેના આખરી ઓપ માટેની તૈયારીઓ આરંભી છે.

ગુજરાતમાં બાગાયતી ખેતી માટે અલાયદુ તંત્ર હાલ કાર્યરત છે પરંતુ જોઈએ તેટલો વેગ મળ્યો નથી. પ્રાકૃતિક ખેતી સાથે બાગાયતી પાકો માટે સરકારે હવે ખાસ પ્રોત્સાહનો આપવા માટે મન બનાવી લીધુ હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

કોંગ્રેસ ૫૦ વર્ષ... ● પહેલા પાનાનું ચાલુ

કે પાર્ટીને જો મજબૂત કરવી છે તો દરેક રાજ્ય અને જિલ્લામાં અધ્યક્ષ નિયુક્ત હોવા જોઈએ. તેઓએ કહ્યું કે સંગઠનને મજબૂત કરવા માટે સમગ્ર કોંગ્રેસ કાર્યસમિતિની ચૂંટણી કરાવવી જોઈએ. આઝાદે વધુમાં કહ્યું કે, ચૂંટણી કરાવવાનો લાભ એ રહેશે કે જ્યારે તમે ચૂંટણી જીતો છો તો ઓછામાં ઓછા પાર્ટીના ૫૧% સભ્યો આપની સાથે ઊભા હોય છે. અધ્યક્ષ બનનારા વ્યક્તિને એક ટકા સમર્થન પણ નથી મળી શકતું. જો સીડબલ્યૂસી સભ્ય ચૂંટાઓ છો તો તેમને હટાવી નથી શકાતા.

તેમાં સમસ્યા શું છે? ગુલાબ નબી આઝાદે કહ્યું કે, રાહુલ ગાંધીને પાર્ટીના સુધાર માટે અમે જે સૂચનો કર્યા હતા તેનાથી તકલીફ થઈ. જોકે બાદમાં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીએ કહ્યું કે તેઓ એક મહિનાની અંદર ચૂંટણી યોજશે, પરંતુ કોરોનાને જોતાં આ શક્ય થાય તેમ નથી લાગતું. આ જ કારણ છે કે અમે સોનિયા ગાંધીને ૬ મહિના માટે અધ્યક્ષ બનવા માટે અનુરોધ કર્યો છે. ગુલાબ નબી આઝાદે કહ્યું કે, ગત અનેક દશકોથી પાર્ટીની અંદર ચૂંટણી નથી યોજવામાં આવતી. તેઓએ કહ્યું કે, આ પ્રયાસ ૧૫ વર્ષ પહેલા જ કરી લેવા જોઈતો હતો. અમારી પાર્ટી સતત ચૂંટણી હારી રહી છે. આપણે જો સત્તામાં વાપસી કરવી છે તો આપણે આંતરિક ચૂંટણી કરાવીને પાર્ટીને મજબૂત કરવી પડશે. આઝાદે કહ્યું કે જો પાર્ટીના નેતાઓ તરફથી લખવામાં આવેલો પત્ર સાર્વજનિક થઈ ગયો તો તેમાં મુશ્કેલીની વાત શું છે. પાર્ટીને મજબૂત કરવા અને ચૂંટણી યોજવી તે કોઈ સ્ટેટ સીક્રેટ નથી. તેઓએ જણાવ્યું કે ઈન્દિરા ગાંધીજીના સમયમાં પણ કેબિનેટની કાર્યવાહી લીક થઈ જતી હતી.

સતત બીજા દિવસે... ● પહેલા પાનાનું ચાલુ

છે તેમ સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૯,૨૪,૯૯૮ લાખ ટેસ્ટ થયા હતા. ભારતમાં વધુ ને વધુ દર્દીઓને હોસ્પિટલોમાંથી તેમજ હોમ આઈસોલેશનમાંથી રજા અપાઈ રહી છે. પરીણામે દેશમાં કોરોનાથી સાજા થનારા દર્દીઓની કુલ સંખ્યા ૨૬ લાખ નજીક પહોંચી ગઈ છે.

દરમિયાન વધુ એક કેન્દ્રીય મંત્રી કિશનપાલ ગુર્જર કોરોનાની ઝપેટમાં આવ્યા હતા. તેમણે ગુરૂવારે ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, તેમનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. ફરિદાબાદથી સાંસદ ૬૩ વર્ષીય ગુર્જરે તેમના સંપર્કમાં આવેલા બધા લોકોને કોરોનાનો ટેસ્ટ કરાવવાની સલાહ આપી હતી. ઉપરાંત ઉત્તર પ્રદેશના વરિષ્ઠ મંત્રી સિદ્ધાર્થ નાથ પણ કોરોના સંક્રમિત થયા છે. ૫૬ વર્ષીય કેબિનેટ મંત્રી તબીબી સલાહને પગલે તેમના ઘરમાં જ ક્વોરન્ટાઈન થયા છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ઈ-ટેન્ડર નિવિદા નં. ૦૮ સને ૨૦૨૦-૨૧ આઈ.ડી. નં. : ૪૨૨૪૫૦

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી એક્શન પ્લાન અંતર્ગત 'મીસીંગ લીંક કાર્યક્રમ' હેઠળ જી-૩ પાણી પુરવઠા યોજનાના ઓગમેન્ટેશનમાં કરવાના કામની અંદાજિત કિંમત રૂ. ૧,૧૨,૫૭,૯૨૯.૦૪ માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ઠેકેદારો બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તિર્ણ થવાનું રહેશે. કામની વિગત માટે વેબસાઈટ http:/gwssb.nprocure.com તથા www.gwssb.org તથા http:/www.statenders.com ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ ૧૬-૯-૨૦૨૦ અને આ ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતા સુધારા ઓનલાઈન મૂકવામાં આવશે. કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર જી.ડબલ્યુ એસ. એસ. બોર્ડનો રહેશે. ફોન નં. (૦૭૯) ૨૩૨૬૧૮૭૦

માહિતી/૭૪૭/૨૦-૨૧

ટૂંકી મુદ્દતની ઓનલાઈન જાહેર નિવિદા નં. ૫ સને ૨૦૨૦-૨૧ (બીજો પ્રયત્ન)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં. ૧, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, બ્લોક નં. - 'એ' પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૭૪-૭૫) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના કામના ઓનલાઈન ટેન્ડર જેની અંદાજિત રકમ રૂ. ૨૦૬૫૪૪.૯૩ છે.

જે માટે આવા કામનાં અનુભવ ધરાવતા ઠેકેદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

આ કામના ટેન્ડરો www.nprocure.com ઉપરથી જોવા મળશે. આ સાઈટ ઉપરથી ઓનલાઈન ટેન્ડર તા. ૪-૯-૨૦૨૦ના રોજ ૧૬.૦૦ કલાક સુધી અપલોડ / ડાઉનલોડ કરી શકાશે છે. શક્ય હશે તો ટેન્ડર તા. ૪-૯-૨૦૨૦ના ૧૬.૧૦ કલાકે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ - ૧ પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, બ્લોક નં. 'એ' પ્રથમ માળ, ગાંધીનગર દ્વારા ઓનલાઈન ખોલવામાં આવશે. ટેન્ડર રૂબરૂમાં / સાદી ટપાલથી સ્વીકારવામાં આવશે નહીં.

આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતાં ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૭૫૧/૨૦-૨૧